## Murti Āpo Chho Rasiyājee

મૂર્તિ આપો છો રસિયાજી, રૂડી રીતથી રે...મૂર્તિ...ટેક

Murti āpo chho rasiyājee, roodee reetathee re…Murti…(chorus)

કોટિ જન્મનાં કિલ્મીષ કાપી, મ્હેર કરીને મૂર્તિ આપી;

Koti janmanā kilmeessh kāpee, mher kareene murti āpee;

ઓત પ્રોત તલ્લીન કર્યા ખચીતથી રે...મૂર્તિ...૧

Ota prot talleen karyā khacheetathee re…Murti…1

દિવ્યભાવ ને મહિમા દાખો, રોમ રોમમાં રસબસ રાખો;

Divyabhāv ne mahimā dākho, roma romamā rasabas rākho;

તદ્રૂપ થઈને વર્યા અમે અજીતથી રે...મૂર્તિ...૨

Tadrup thaeene varyā ame ajeetathee re…Murti…2

દિવ્ય મૂર્તિ લાગે બહુ સારી, મૂર્તિ મૂર્તિ એક મૂર્તિ પ્યારી;

Divya murti lāge bahu sāree, murti murti ek murti pyāree;

જ્ઞેય ધ્યેય ઉપાસ્ય મૂર્તિ, જાણ ચિત્તથી રે...મૂર્તિ...૩

Gney dhyey upāsya murti, jān chittathee re…Murti…3

અમૃત સુખના ધોધ છૂટે જ્યાં, લેલીન સર્વે મુક્ત રહે ત્યાં;

Amrut sukhanā dhodh chhoote jyā, leleen sarve mukta rahe tyā;

નિત્ય નવીન સુખ ભોક્તા છે, બહુ વિધથી રે...મૂર્તિ...૪

Nitya naveen sukh bhoktā chhe, bahu vidhathee re…Murti…4

મૂર્તિમાં તો સુખ જડે છે, બીજે રોગી વાની ઉડે છે;

Murtimā to sukh jade chhe, beeje rogee vānee ude chhe;

સમજાવો ઉપદેશરૂપી, નવનીતથી રે... મૂર્તિ...૫

Samjāvo updeshroopee, navnitathee re…Murti…5

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com

સુખ સુખ ને સુખ ભર્યું છે, મૂર્તિમાં તો સુખ નર્યું છે;

Sukh sukh ne sukh bharyu chhe, murtimā to sukh naryu chhe;

જીવનજી ડૂબાવ્યા તેમાં, હિતથી રે...મૂર્તિ...૬

Jeevanjee doobāvyā temā, hitathee re…Murti…6

અજબ રંગીલા પ્રાણથી પ્યારા, મીન સનેહી જીવન મારા;

Ajab rangeelā prānthee pyārā, meen sanehee jeevan mārā;

વારી જાઉં વ્હાલાજી, તારી પ્રીતથી રે...મૂર્તિ...૭

Vāree jau vhālājee, tāree preetathee re…Murti…7

આપ કૃપા થઈ દિવ્ય નવીની, મૂર્તિ મનોહર છે રંગભીની;

Āp krupā thaee divya naveenee, murti manohar chhe rangbheenee;

દાસતણો દાસ ગાવે મહિમા, ગીતથી રે...મૂર્તિ...૮

Dāsatano dās gāve mahimā, geetathee re…Murti…8

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com